ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૭.૫ ડીગ્રી
લઘુતમ : ૧૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૨૪ ટકા
ગાંધીનગર તાપમાન

બે દિવસ એકાદશીનો સંયોગ

જીવનમાં ખુશીઓનો રંગ ભરશે રંગભરી એકાદશી !

ગાંધીનગર, તા.૧

ફાગણ સુદ એકાદશીની તિથિ એ આમલકી એકાદશી તરીકે ઓળખાય છે. આ વખતે, ૨ માર્ચ, ગુરુવાર તેમજ ૩ માર્ચ, શુક્રવાર એમ બે દિવસ એકાદશીનો સંયોગ સાંપડ્યો છે. સૌથી મહત્વની વાત એ છે કે આ એકાદશી રંગભરી એકાદશીના નામે પણ ઓળખાય છે. અને તેના નામની જેમ જ તે વ્યક્તિના જીવનમાં ખુશીઓના રંગ પૂરી દે છે ! આ રંગભરી એકાદશી સાથે માતા પાર્વતી અને શિવજીનો ગાઢ નાતો જોડાયેલો છે.

પૌરાણિક કથા અનુસાર શિવ-પાર્વતી તેમના વિવાહ બાદ પહેલીવાર જ્યારે કાશી નગરીમાં આવ્યા તે દિવસ ફાગણ સુદ એકાદશીનો હતો. દેવતાઓ સહિત કાશીના નિવાસીઓએ રંગ ઉડાવી શિવ-પાર્વતીનું સ્વાગત કર્યું. જેને કારણે આ એકાદશી રંગભરી એકાદશીના નામે પ્રસિદ્ધ થઈ. વારાણસીમાં આજે પણ રંગભરી એકાદશીથી જ રંગોથી રમવાની શરૂઆત થઈ જાય છે. એ જ કારણ છે કે આ એકાદશીએ શિવ-પાર્વતી સંબંધી વિવિધ ઉપાયો અજમાવીને શ્રદ્ધાળુઓ તેમની વિધ-વિધ મનોકામનાની પૂર્તિ કરી શકે છે.

લગ્નમાં આવતા અવરોધોને દૂર કરે છે એકાદશી

જો લગ્નમાં કોઈપણ પ્રકારના વિઘ્ન આવી રહ્યા હોય, કોઈપણ પ્રકારની સમસ્યા ઉભી થઈ રહી હોય તો રંગભરી એકાદશી એટલે કે, આમલકી એકાદશીએ જરૂરથી ઉપવાસ કરવો. આ દિવસે ભગવાન શિવ અને માતા પાર્વતીની જરૂરથી પૂજા કરવી. ત્યારબાદ તેમને ગુલાબી રંગનો ગુલાલ અર્પણ કરવો. તેમજ પ્રાર્થના કરવી કે આ ગુલાલની જેમ તમારું જીવન પણ ગુલાબી થાય. માન્યતા અનુસાર આ ઉપાય કરવાથી આપની વિવાહ સંબંધિત તમામ સમસ્યાઓ દૂર થાય છે. અને ત્વરિત વિવાહના યોગ બને છે.

સેક્ટર ૩૦ પ્રાથમિક શાળામાં વિજ્ઞાન દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૧

રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી નિમિત્તે શાળામાં વૈજ્ઞાનિકો વિશે નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી તથા ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે પ્રયોગ નિદર્શન ની પ્રવૃત્તિ યોજવામાં આવી હતી આ ઉપરાંત કેટલાક જાદુઈ પ્રયોગો પણ કરવામાં આવ્યા બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાય તે માટે પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી.

સમર્પણ પબ્લિક સ્કૂલમાં 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'ની ઉજવણી

સમર્પણ પબ્લિક સ્કૂલ ગુજરાતી માધ્યમમાં 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' ની ઉજવણીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ધોરણ ૧ થી ૫ અને ધોરણ ૬ થી ૯ એમ બે વિભાગમાં ' ક્વિઝ કોમ્પિટિશન 'નું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ ધોરણ ૬ થી ૯ ના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ પ્રયોગોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શિક્ષકોના સાથ સહકારથી કાર્યક્રમ સફળ રહ્યો હતો.

એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલની વિદ્યાર્થીનીઓ વક્તૃત્વ સ્પર્ધામાં વિજેતા

ગાંધીનગર, તા. ૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી ગાંધીનગર સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં ભારતના મહાન વૈજ્ઞાનિક ડૉક્ટર સી.વી. રામનની યાદગીરીમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિનની ઉજવણી તા. ૨૮-૨-૨ ના રોજ નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરેલ હતુ. વક્તૃત્વ સ્પર્ધાનો વિષય હતો 'વૈશ્વિક વિકાસ માટે વૈશ્વિક વિજ્ઞાન' જેમાં શાળામાંથી બે વિદ્યાર્થીનીઓ પરમાર પુલકિત ધોરણ ૭-ડી, મારવાડી નિશા ધોરણ-૭-બી જેમાં પરમાર પુલકિત ૭-ડી વિજેતા બની હતી અને પુરસ્કાર મેળવ્યો હતો. માર્ગદર્શન શિલ્પાબેન ત્રિવેદીએ તેમજ શાળાના સુપરવાઈઝર લલીતભાઈ પટેલે પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું. શાળાના આચાર્ય નીરૂબેન પટેલે બંને બહેનોને અભિનંદન પાઠવ્યા હતા.

સેક્ટર-૧ નુ તળાવ મોર્નિંગ વોકર્સમાં ખૂબ લોકપ્રિય છે. વહેલી સવારે અહીં જોગીંગ કરવા આવનાર અને વોકીંગ કરવા આવનાર વસાહતીઓની સંખ્યા સવિશેષ રહે છે. તેમના માટે અહીં જોગીંગ ટ્રેકની ખાસ સુવિધા ઉપલબ્ધ કરાવાઈ છે. જો કે આ ટ્રેક કેટલીક જગ્યાએથી તુટી ગયો છે. તાત્કાલિક તેને રીપેર કરવાની જરૂરીયાત છે.

શહેરમાં વધતી ચોરીઓ સામે લોક દરબારમાં અગ્રણીઓની રજુઆત

ગાંધીનગર, તા. ૧

આજરોજ સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશન ખાતે પોલીસ લોકદરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નવા પીઆઈ ખાભલા એસ.ડી. ઉપસ્થિત રહી શકેલ નહિ પરંતુ મહિલા પી.એસ.આઈ. જે.એ. દેસાઈ તથા અતુલભાઈ પારેખ ઉપસ્થિત રહી પ્રશ્નો સાંભળ્યા હતા.

ગાંધીનગર શહેરમાં તથા સેક્ટર-૧૬ થી ૩૦, બોરીજ, પાલજ અને જુના વિસ્તારોમાં થતી ચોરી રોકવા ધારદાર રજુઆતો કરવામાં આવી હતી તે ઉપરાંત ટોરેન્ટ પાવર દ્વારા સ્ટ્રીટલાઈટ બંધ રહેતા પણ ચોરી વધી હોવાનુ અનુમાન થઈ રહ્યુ હોવાથી શેરી લાઈટ્સ સદંતર બંધ છે તેને પુનઃ ચાલુ કરાવવા પત્ર લખવા પણ રજૂઆત કરી હતી.

આ બેઠકમાં રજુઆત કરનાર સર્વ અરૂણ બુચ, મ્યુનિસીપલ કાઉન્સીલર અને બોરીજ વિકાસ મંડળના પ્રમુખ ભરત દીક્ષીત ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત સે. ૨૩, ૨૦, ૩૦, ૨૯, બોરીજના પ્રતિનિધિઓ સર્વ કિશોર જીકાદરા, સુધીર દેસાઈ, નિસર્ગ બુચ સહીત મોટી સંખ્યામાં ભાઈઓ ઉપસ્થિત રહી ચોરી, હાથ સફાઈ, લાઈટ બંધ હોવાની તથા તેને કારણે થતી ચોરી અટકાવવા, ખોદકામને કારણે લોકોને થતી હાડમારી નિવારવા રજૂઆતો કરી હતી. આ ઉપરાંત જ-રોડ પર થતા અકસ્માતો અને સી.સી. ટીવી કેમેરા ચાલુ રાખી ગુનોગારોને પકડવા રજૂઆતો કરી હતી.



ઈન્ફો કીડ્સ પ્રિ-સ્કૂલ ખાતે બાળકો માટે હેલ્થ ચેક-અપ કેમ્પ યોજાયો હતો. જેમાં શાળાના તમામ બાળકોની શારીરિક તપાસ બાળ-નિષ્ણાત તબીબો દ્વારા કરાઈ હતી.

અસામાજિક તત્વોનો ત્રાસ શહેરમાં વધતો જાય છે. ૩-૪ના અન્ડરપાસ નજીક હાલમાં જ મુકવામાં આવેલા દિશાસૂચક બોર્ડને કોઈ શખ્સોએ તોડી નાંખવાનો પ્રયાસ કર્યો છે.

શિહોલી મોટી નર્સરી ખાતે કિસાન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર તાલુકાના શિહોલી મોટી ખાતે આવેલી નર્સરી (ખાસ અંગભૂત) કિસાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગામના સરપંચ પરબતસિંહ એમ. ઠાકોર સહિત ગામના આગેવાનો અને વન વિભાગના અધિકારીઓ હાજર રહી માર્ગદર્શન મેળવ્યુ હતુ. મગોડી રાઉડ ઉર્જા રેન્જ ગાંધીનગર દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.

શારદા કોલેજ ઓફ ફિઝિયોથેરાપી દ્વારા ફ્રેશર પાર્ટીનુ આયોજન

પેથાપુરના શારદા કોલેજ ઓફ ફિઝિયોથેરાપી દ્વારા બેચલર ઓફ ફિઝિયોથેરાપીની બેચ ૨૦૨૩-૨૦૨૪ના વિદ્યાર્થીઓના વેલકમ અર્થે ફ્રેશર પાર્ટીનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ અને આનંદ માણ્યો હતો.

ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં વાર્ષિકોત્સવ, ઈનામ વિતરણ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૧

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજનો ૨૫મો વાર્ષિકોત્સવ 'વસુધૈવ કુટુમ્કમ્' શીર્ષક હેઠળ યોજાયો. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના, દીપ પ્રાગટ્ય, યુનિ. ગીત અને સ્વાગત ગીતથી કરવામાં આવ્યા બાદ મહેમાનોનું શાબ્દિક સ્વાગત પ્રિ. ડૉ. એમ.એમ. ચૌધરીએ કર્યુ હતુ. કોલેજનો વાર્ષિક અહેવાલનું વાંચન ડૉ. ગીતાબેન ચૌધરીએ કર્યુ હતુ. કાર્યક્રમના અધ્યક્ષ શ્રી અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરીએ આશીર્વચન આપ્યા હતા. કાર્યક્રમના ઉદ્ઘાટક ડૉ. ભાવેશ એરડાએ (અધિક સચિવ, શિક્ષણ વિભાગ) વિદ્યાર્થીઓને સફળતાનું રહસ્ય ચીંધી આપ્યું હતું. મુખ્ય મહેમાન ડૉ. યોગેશ યાદવે (આચાર્ય, સી.ઈ.ઓ. કેકા. શાસ્ત્રી કોલેજ) અભ્યાસ સાથે અન્ય પ્રવૃત્તિને સાંકળીને કોલેજકાળનું જીવનમાં પ્રાધાન્ય બતાવ્યું હતું.

આ પ્રસંગે પ્રાસંગિક ઉદ્બોધન ઉપપ્રમુખ અને કન્વીનર રણછોડભાઈ ચૌધરીએ કર્યુ હતુ. મહેમાનોના હસ્તે યુનિ. એમ.એ. સેમેસ્ટર-૪માં ગોલ્ડમેડલ મેળવનાર કુ. નૃપા એચ. ચૌધરી અને મલેશિયા ખાતે થ્રીડી કેક બનાવી ગોલ્ડમેડલ મેળવી ગિનિસ બુકમાં સ્થાન મેળવનાર કુ. ઝલ્લરી મહેતા, ગુજ. યુનિ. હેન્ડબોલમાં સતત ત્રીજી વખત ચેમ્પિયન ટીમ, બાસ્કેટ બોલમાં અને કુસ્તીમાં રનર્સઅપ રહેનાર ટીમને, એથ્લેટીક્સમાં ગોલ્ડ અને સિલ્વર મેડલ મેળવનારને ઈનામ, સર્ટીફીકેટ તેમજ મેરીટ અને અન્ય પ્રવૃત્તિઓમાં અગ્રેસર વિદ્યાર્થીને નવાજવામાં આવ્યા હતા.

સેક્ટર ૭-ડીમાં શહેરીજન સંસ્થા અને નિવૃત્ત અધિકારી મંડળની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરીજન સંસ્થા સે. ૭-ડી અને ગાંધીનગર નિવૃત્ત સરકારી અધિકારી મંડળ, સે. ૭-ડીની સંયુક્ત સામાન્ય સભા અમૃત મહોત્સવ કાર્યક્રમની શરૂઆત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય અને ડૉ. સંજયભાઈ શાહ દ્વારા પ્રાર્થના કરવામાં આવી. દિનેશભાઈ મોદીએ સદ્ વાંચન કર્યુ. સુમંતલાલ એમ. શાહના અધ્યક્ષસ્થાને મળેલ આ સભામાં વિશિષ્ટ અતિથિવિશેષ કાર્તિકભાઈ પટેલ અને મહેન્દ્રભાઈ પટેલ (દાસ)એ ઉપસ્થિત રહી શહેરી જનજીવનના પ્રશ્નો અને સમસ્યાઓ, સુવિધાઓ, સ્માર્ટ અને ડસ્ટ ફ્રી સિટીની ખૂટતી કડીઓ પુરી કરવાના આયોજન અને અનુવર્તી કામગીરી પરત્વે પ્રમુખ શાહે કરેલ રજૂઆત સંદર્ભમાં વિશદ ચર્ચા વિચારણા કરી રજૂઆત પરત્વે સુવિધાઓ વિકસે તેવો યોગ્ય પ્રબંધ થાય તદર્થે પ્રયાસ કરવાનો સધિયારો આપ્યો હતો. ફેબ્રુઆરીમાં જેમનો જન્મ દિવસ હોય તેવા પંદર સભ્યો સર્વ સુમંતલાલ શાહ, સુરેશભાઈ પંડ્યા, ડૉ. આરતીબેન દવે, ડૉ. સંજયભાઈ શાહ સહિત સર્વેને શુભેચ્છાઓ વ્યક્ત કરી સર્વેના નિરામય સ્વસ્થ સુખી દીર્ઘાયુ જીવન માટેની શુભકામનાઓ સહ અભિવાદન કર્યુ હતુ. કોરોના કાળના સમયગાળાથી અત્યાર સુધી શહેરીજન સંસ્થા પરિવારના સેક્ટર-૭-ડીમાં થયેલ ૩૯ દિવંગતોને મૌન પ્રાર્થના કરી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. વધુમાં પ્રમુખ સુમંતલાલ શાહે શહેરીજનોના પ્રશ્નો ખાસ કરીને સેક્ટરમાં ફેન્સીંગ અને રહેણાંક વચ્ચે સફાઈ સ્વચ્છતા જળવાય તેમજ પેન્શનરોના પ્રશ્નો અંગે મુખ્યમંત્રીને તથા નાણાં વિભાગમાં તથા મહાનગર પાલિકાના મેયર તથા કમિશનરને અગાઉ કરેલ રજૂઆતો અન્વયે હવે સક્રિય અને સકારાત્મક નિર્ણય લઈ જરૂરી આદેશ થાય અને શહેરમાં સુલભ શૌચાલયોની અને બગીચાની સ્વચ્છતા અંગેની કામગીરી નિયમિત રીતે થાય અને તેની સુયોગ્ય દેખરેખ-વિનિયમન ગોઠવાય તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી.

રેડિયન્ટની વિદ્યાર્થીની સાયન્સ પ્રોજેક્ટમાં સમગ્ર રાજ્યમાં બીજા ક્રમે

ગાંધીનગર, તા. ૧

રેડિયન્ટ સ્કૂલમાં ધોરણ-૫ (અંગ્રેજી માધ્યમ)માં અભ્યાસ કરતી ભટ્ટ ધ્યાની તેજસ નામની વિદ્યાર્થીનીએ સાયન્સ પ્રોજેક્ટમાં સમગ્ર ગુજરાત રાજ્યમાં બીજો નંબર મેળવી પોતાનું, માતા-પિતાનું તેમજ શાળાનું નામ રોશન કર્યુ હતુ. સાન્યસ સીટી અમદાવાદ ખાતે યોજાયેલ ગુજરાત વિજ્ઞાન સંમેલન-૨૦૨૩માં વિજ્ઞાન ગુર્જરી અને સાયન્સ સીટી દ્વારા આયોજિત વિજ્ઞાન સ્પર્ધામાં સમગ્ર રાજ્યમાંથી કુલ ૭૩૩૦ જેટલી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ જાતે બનાવેલ સાયન્સ-પ્રોજેક્ટ સ્પર્ધા માટે રજુ કરવામાં આવ્યા હતા. આટલી મોટી સંખ્યામાંથી ધ્યાની ભટ્ટ દ્વારા તૈયાર કરવામાં આવેલ સોલાર સીસ્ટમ પર આધારિત સાયન્સ પ્રોજેક્ટ "સોલાર હાઉસ કુલીંગ પ્રોજેક્ટ" તમામ નિર્ણાયકો, વૈજ્ઞાનિકોને ખૂબ પસંદ આવ્યો અને તેમણે સૌએ ધ્યાનીના વર્કિંગ પ્રોજેક્ટને બિરદાવ્યો અને સમગ્ર રાજ્યમાં તેને બીજા ક્રમાંકથી સન્માનિત કર્યો.

શાળાના સંચાલક પી.એમ. વામજા સાહેબ તેમજ આચાર્ય જે.બી. વામજા સાહેબે ધ્યાની ભટ્ટ તેમજ તેના વાલીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

જન્મદિને વધામણી

વીણા વોરા
નિવૃત્ત શિક્ષક
લાયોનેસ બોર્ડ મેમ્બર

પ્રવીણભાઈ બી પટેલ
મો. ૯૮૨૪૩ ૧૪૪૬૬

ગ્રીષ્મા એન ત્રિવેદી
લાયોનેસ ક્લબ

ઉમંગ ટી. પાનવાલા

જયેશભાઈ શાહ
મો. ૯૯૦૯૯ ૩૧૯૫૯

પરમાર દિવ્યાંશી રિન્કેશ
મો. ૯૬૮૭૯ ૫૭૪૫૬

ડૉ. ભાસ્કર શુક્લ
(પ્રિન્સીપાલ, વિવેકાનંદ કોલેજ ઓફ કોમર્સ, અમદાવાદ

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. ઠાકોર ગંગાબેન અમરાજી, ૭૪, મહુન્દ્રા
- સ્વ. ઝાલા પ્રતાપસિંહ રામસિંહ, ૪૦, બિલમણા
- સ્વ. પરમાર બકાજી માનસંગજી, ૬૧, ગલુદણ